

## વડીલોને વંદન અભિનંદન


પલ્લંબલસે નીલકઠૈયા
(૧૯૩૦)ફોન: ૨૩૨૧૦૫૧૦


મનીષા નૌતમલાલ ત્રિપાઠી
(૧૯૫૫)ફોન: ૨૩૨૩૦૪૭૯


વિલાસચંદ્ર મોરેશ્વર કોઠારે
(૧૯૪૩)ફોન: ૨૩૨૨૨૦૯૧


સુહાસીની એસ. લીમગાંવકર
(૧૯૫૫)ફોન: ૨૩૨૩૪૨૦૮


મોહનલાલ વાળંદ
(૧૯૨૮)ફોન: ૨૩૨૨૧૪૩૫

### પુનિતધામ જૈન તિર્થ ખાતે ઉપધાન તપના આરાધકોને મોક્ષમાળારોપણ ઉત્સવ

# ૮ વર્ષથી ૭૫ વર્ષની વયના ૩૩ આરાધકોને માળારોપણ : તપસ્વીઓને સોનાની ગીની અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરથી મહુડી રોડ પર ગ્રામભારતી પાસે આવેલ પુનિતધામ તિર્થ ખાતે સીમંધર સ્વામીની છત્રછાયામાં ઉપધાનતપના આરાધકોને મોક્ષમાળારોપણ પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગ તા. ૧૨મી જાન્યુઆરી રવિવારે સવારે ૮ વાગે મોક્ષમાળાની શોભાયાત્રાથી આરંભાશે.

ગ્રામભારતીના પુનિતધામ જૈનતિર્થ ખાતે કારતક વદ પાંચમ એટલે કે ૨૩મી નવેમ્બર-૨૦૧૩ના રોજથી ઉપધાનતપ આરાધનાનો પ્રારંભ થયો હતો. આ તપમાં ૮ વર્ષથી લઈને ૭૫ વર્ષ સુધીના અબાલવૃદ્ધ ૩૭ આરાધકોએ અઢારીયુ, અઢ્યાવિસુ, પાંત્રીસુ તેમજ ઉપાધાન તપ કર્યા છે. આ ઉપધાન તપ નિર્વિઘ્ને પરિપૂર્ણ કરતા તેમને મોક્ષમાળારોપણ પરિધાન પ્રસંગનું આયોજન કરાયું છે.

આ ઉત્સવ દરમ્યાન શાલીભદ્ર કુંભ સર્વસાધારણ યોજનાનું પણ ઉદ્ઘાટન યોજવામાં આવેલ છે. આ યોજનામાં શાલીભદ્રકુંભમાંથી શ્રદ્ધાળુઓ બે સિક્કા ઉપાડશે અને આ સિક્કાઓમાં લખેલ રકમના સરવાળા જેટલી રકમ તેઓ તિર્થ નિર્માણ માટે આપશે. આ કાર્યક્રમમાં તપસ્વીઓને સોનાની ગીની તથા નગદ રૂપિયાથી પણ તેમનું બહુમાન કરવામાં આવનાર છે.

સવારે ૮ વાગે મોક્ષમાળાની શોભાયાત્રા યોજાયા બાદ ૯.૩૦ વાગે આરાધકોને મોક્ષમાળા અર્પણવિધિ યોજાશે. આ પ્રસંગે યોગનિષ્ઠ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કીર્તિસાગર સૂરીશ્વરજી, કૈલાસસાગરજી, સુબોધસાગર સૂરીસ્વરજી, જયકીર્તિસાગરજી, અમૃત સાગર સૂરીશ્વરજી, પ્રસન્નકીર્તિસાગરજી, ભવ્યકીર્તિસાગરજી, મનોહર કીર્તિસાગરજી અને રાષ્ટ્રસંત પદ્મસાગરસૂરીશ્વરજી તથા શ્રમણી વૃંદ પધારનાર છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર જૈન સંઘ અને ડીકેબીન ખાતેના પરમાનંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના યુવાનો સંભાળશે.


(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા તાલીમ કેન્દ્રમાં મહિલાઓ માટે સ્પર્ધાઓ યોજાઈ

ખેડબ્રહ્મા તાલીમ કેન્દ્ર ખાતે મહિલા કૃષિ કૌશલ વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૩-૧૪ના વર્ષમાં તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવેલ મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લીના વિપુલભાઈ પટેલ વાનગી સ્પર્ધામાં તથા મેઘરજ તાલુકાના વાવકંપાના તરૂલતાબેન પ્રવિણભાઈ પટેલ નમુના ઓળખ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈનામોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. કે.જે. વિહોલ, ડૉ. જે.આર. પટેલ, ખેતીવાડી ખાતાના એચ.જે. પંડ્યા, વાય.આર. ગઢવી, ડી.કે. જોષી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જેગોલ ગ્રામ પંચાયતના તલાટી રૂશ્વત લેતા હોવાની લોક ફરિયાદ

દાંતીવાડા, તા. ૯

દાંતીવાડા તાલુકામાં આવેલ જેગોલ ગ્રામ પંચાયતનો સ્ટાફ અનિયમિત હોવાથી ખેડૂતોને કામ અર્થે અવારનવાર ધક્કે ચડવું પડે છે લોકોનું તલાટી શાંતિપૂર્વક કામ નથી કરતા આવી ફરિયાદો અવારનવાર ઉઠવા પામી ચુકેલી છે, પરંતુ આજે એક નવોજ મુદ્દો પ્રકાશિત થયો છે.



મળતી માહિતી મુજબ દાંતીવાડા તાલુકાના જેગોલ ગામની ગ્રામ પંચાયત અવારનવાર છાસવારે તાળા મારેલી હાલતમાં જોવા મળે છે. અને સત્વરે ખેડૂતોના કામકાજ રખડી જાય છે, જ્યારે લોકોમાંથી એવું જાણવા મળ્યું હતું કે તલાટી જમીનોના સોદા મારતા જમીન સોદાગરની સાથે જોવા મળે છે અને પંચાયતમાં હાજર હોવાના સમયે અનેક બાના બનાવી રહેવાસી જમણેસા ભવનભાઈ ચમનાજી અને જમણેસા કપુરભાઈ ચમનાજી બે ભાઈઓએ જણાવ્યું છે કે અમારા ગામના તલાટી લોકો પાસેથી આવકના દાખલા, જન્મ-મરણના દાખલા, પેઢીનામું, બીપીએલ લાભાર્થીના દાખલા, જમીનની આકારણી, ઘરવેરાની પાવતી જેવા કામોમાં લોકો જોડેથી કામ કરવાના પૈસા લે છે, અને પૈસા લીધાની કોઈ જાતની રસીદ કે પાવતી આપતા નથી, એ સાથે આજરોજ ગામના કણબી મોતીભાઈ લાલજીભાઈ જેઓ પોતાના પુત્રના અભ્યાસ અર્થે ઘરવેરાની પાવતી લેવા તલાટી પાસે પહોંચ્યા હતા, ત્યારે તલાટી દ્વારા મોતીભાઈ પાસે ૨૦૦૦ રૂપિયાની માંગણી કરવામાં આવી ત્યારે મોતીભાઈ દ્વારા પૂછવામાં આવ્યું કે તમે સાના પૈસા માંગો છો, ત્યારે તલાટીએ કહ્યું તમારો ૨૦૧૧ પછીનો તમારો ઘરવેરો બાકી છે, જ્યારે આ વાત ખોટી સાબિત થઈ કારણ કે મોતીભાઈ પાસે ૨૦૧૨ અને ૨૦૧૩ સુધીનો વેરો ભરી ચુકેલાની એજ તલાટી સાહેબના સહી સીક્કાની રસીદ મોજુદ છે, જો ઘરવેરો ભરેલો છે, તો ૨૦૦૦ સાના માંગે છે. તલાટી આ બાબતે અનેક ચર્ચાઓ લોકોમાં ઉઠવા પામી છે, આમ લોકોના જણાવ્યા મુજબ તલાટી આ રીતે અભણ લોકોનું અનેક કામોમાં શોષણ કરી રહ્યા છે, અને આ બાબતે ફરિયાદ કરતા લોકો તલાટી પૈસા લેતા પણ કામ નઈ કરી આપે એ વાતથી ડરતા હતા, અને સત્વરે આ પ્રકારની તકલીફોનો ઘણા સમયથી સામનો કરી રહ્યા હતા, પરંતુ હવે આ બાબતે ચલાવી લેવાના નથી, માંગતા તો પ્રકાશમાં આવેલી આ બાબતને લઈ તંત્ર શું કાર્યવાહી કરે છે એ જોવાનું રહ્યું.



ભરોડા ગ્રામ પંચાયતની મતદાર યાદીમાં અનેક મોટા છબરડાં તેમજ સસ્તા અનાજનો યોગ્ય પુરવઠો ગ્રામજનોને મળતો નથી આથી કોંગ્રેસ કાર્યકરો તેમજ ઉમરેઠ વિધાનસભા યુવા કોંગ્રેસ પ્રમુખ હાર્દિકભાઈ પટેલ અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ છત્રસિંહ સહિત કોંગ્રેસના કાર્યકરોએ ઉમરેઠ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને કચેરીમાં રામધૂન પણ યોજવામાં આવી હતી. (શહીદ ચૌહાણ, ઉમરેઠ)

## રેશનલ સમાજની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૯

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૧ જાન્યુઆરી, શનિવાર, સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર ખાતે મળશે. બેઠકમાં સર્વે સભાસદોને ઉપસ્થિત રહેવા પંકજ પટેલ દ્વારા જણાવ્યું છે.

## હવે મંદિરના બારણા ઉઘાડો મોરી માં... ભજન સંધ્યા કાર્યક્રમ યોજાશે

શિવરંજની સંસ્થા દ્વારા સૂર શબ્દની ઉપાસના એક માત્ર ધ્યેય ભક્તિ સંગીતનો કાર્યક્રમ તા. ૧૧ જાન્યુઆરી શનિવાર રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવશે.

'હવે મંદિરના બારણા ઉઘાડો મોરી મા' ભજન સંધ્યા કાર્યક્રમમાં જાણીતા કલાકાર પુરષોત્તમ ઉપાધ્યાય, નયનભાઈ પંચોલી અને ડૉ. ફાલ્ગુની ડૉક્ટર, હૃદયસ્પર્શી રચનાઓ રજૂ કરશે.

સંસ્થાના સભ્યો માટે યોજવામાં આવેલ કાર્યક્રમમાં શ્રી ઉપાધ્યાયને સાંભળવા એ પણ એક લ્હાવો છે અને સંગીતના ખજાનાને માણવાનો મોકો મળ્યો છે. તેમ સભ્યોને હાજર રહી કાર્યક્રમને માણવા વાગ્મિન બૂચ દ્વારા જણાવ્યું છે.




## પતંગ-દોરીથી ઘવાતા પક્ષીઓ અને લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

શહેરની જીવ સંસ્થા દ્વારા ઉત્તરાયણ પર્વ પર પતંગ-દોરીથી ઘવાતા પક્ષીઓ માટે લોકજાગૃતિ અંગે સવારે ૯.૦૦ વાગ્યા પછી અને સાંજે ૫.૦૦ વાગ્યા સુધી પતંગ ચગાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉત્તરાયણ નિમિત્તે દોરીથી અનેક પક્ષીઓ ઘાયલ થતા હોય છે અને મોતને પણ ભેટતા હોય છે. જે અંતર્ગત સિમલાગેટ નજીક પક્ષી બચાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને ઘાયલ થતા પક્ષીઓ માટે હેલ્પલાઈન નંબર પર જાણ કરવા જણાવાયું હતું. તેમજ છેલ્લા પાંચ વર્ષથી સંસ્થા પક્ષી બચાવો અભિયાન હાથ ધરે છે અને નિર્દોષ પક્ષીઓને બચાવી ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# નાની ચિચણો ગ્રુપ ગ્રામ પંચાયતના સર્વે નં. ૧૦૧માં થયેલ ભ્રષ્ટાચારની તપાસની માંગ

મોડાસા, તા. ૯

મોડાસા તાલુકાના નાની ચિચણો પંચાયતના સર્વે નં. ૧૦૧માં સંયુક્ત ખાતેદારી મહિલાઓના નામ બારોબાર કમી કરી નાખી જમીન પોતાના નામે ચડાવી દેતા સમગ્ર મામલો મોડાસા મામલતદાર કચેરીના સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યો છે. જ્યાં તેમને ન્યાય મળે છે કે કેમ તે જોવું રહ્યું.

આધારભુત સૂત્રો દ્વારા જણાવ્યા મુજબ મોડાસાની નાની ચિચણો ગ્રામ પંચાયતના સર્વે નં. ૧૦૧માં અરજદાર કિનુબેન હરિજી ગલબાજી મકવાણા એ કરેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના પિતા મકવાણા હરિજી ગલબાજીના નામે સર્વે નં. ૧૦૧ ચાલતો હતો. આ સર્વે નંબરના સંયુક્ત ભાગીદાર એવા અન્ય શખ્સે તેમના મૃત્યુ બાદ તેમનો પુત્ર ન હોવાથી માત્ર બહેનો હોવાના કારણે હક્ક નં. ૬માં બારોબાર ચડાવી દીધી છે. આ અંગેનો ખ્યાલ બહેનોને આવતા આ નોંધ પાડવામાં મદદ કરનાર મોડાસા મામલતદાર કચેરીના અધિકારીઓ તથા શખ્સ વિરૂદ્ધ મામલતદાર કચેરીના સ્વાગત કાર્યક્રમમાં ન્યાયની દાદ માગી છે હવે જોવું રહ્યું કે તેમને ન્યાય મળે છે ?

# હિંમતનગર ખાતે વણકર સમાજનું મહાસંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને વણકર સમાજનું મહાસંમેલન યોજાયું હતું.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે સૌનો સાથ અને સૌનો વિકાસની સંપૂર્ણ પરિભાષા સમજવાની પહેલ વણકર સમાજે કરી છે. વણકર સમાજ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય તેમજ ઉજ્જવળ કારકિર્દી માટે જાગૃતિ લાવવાનું કામ કરી સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

વધુમાં મંત્રીશ્રીએ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, સમાજનો કોઈ પણ વિદ્યાર્થી શૈક્ષણિક રીતે પછાત ન રહી જાય અને ઉત્તમ કક્ષાનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી સવલતો ઉભી કરી યુવા પેઢીઓને યોગ્ય દિશા ચિંધવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે.

તો વળી સામાન્ય માણસ રોજગારથી વંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

મંત્રીશ્રીએ સમાજમાં વ્યાપેલ કુરીવાજોને દૂર કરવા હિમાયત કરી વ્યસન મુક્તિના માર્ગે આગળ વધવા જણાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી ડૉ. કરસનદાસ સોનેરીએ પ્રસંગોચિત ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે આજના હરીફાઈના યુગમાં બાળકોને શિક્ષણથી વંચિત ન રહી જાય તે જવાબદારી વાલીઓની છે. શિક્ષણ સાથે બાળકોને સંસ્કાર અને કેળવણીના ઉચ્ચ પદાર્થ પાઠો પણ આપવા જોઈએ.

આ પ્રસંગે ઝાંઝરકા ગાદીના મહંતશ્રી શંભુનાથજી મહારાજે આશિર્વચન પાઠવ્યા હતા.


આ મહાસંમેલન રાજ્ય અનુસૂચિત આર્થિક વિકાસ નિગના ચેરમેનશ્રી ઝવેરભાઈ ચાવડા, પૂર્વ મંત્રીશ્રી ઈશ્વરભાઈ મકવાણા, જિલ્લા અગ્રણીશ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, રાજ્ય અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ડીરેકટરશ્રી છગનભાઈ પરમાર સહિત સમાજના અગ્રણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રમેશિમ ફાઉન્ડેશન સેવાકીય કાર્ય કરશે

ગાંધીનગર, તા. ૯

રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા અમદાવાદ, બહેમરામપુરાના સત્યજીવન લેપ્રોસી સંઘના કુષ્ટરોગના દર્દીઓને ઠંડીમાં રાહત આપતા ગરમ ધાબળા અને ઉત્તરાયણ પર્વ નિમિત્તે તલ ચિક્કી વિતરણનો કાર્યક્રમ તા. ૧૧ જાન્યુઆરી શનિવારના રોજ સવારે આ સેવાકીય કાર્યમાં પોતાનો સહયોગ આપવા ઈચ્છુક દાતાઓએ ૯૪૨૬૦ ૨૯૫૩૩ પર સંપર્ક કરવા વર્ષાબેન ગુપ્તાએ જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૨૮૩



### આડી ચાવી

૧. લીઓનાર્ડો-દ-વીન્ચીનું પ્રખ્યાત પેઇન્ટીંગ (૪)
૪. મશ્કરી, મજાક (૨)
૬. મશ્કરી, મજાક (૨)
૭. લોકો સાથેનો સંપર્ક (૫)
૮. આગળ વધારવું (૪)
૧૦. સમુહ, ઉપકાર (૨)
૧૧. સાહેબ, મુખ્ય (૨)
૧૫. સરમુખત્યારશાહી (૪)
૧૬. નકલ કરવી, બેઠું ઉતારવું (૩)
૧૮. એક માપ, ૨૦ કિલો (૨)
૧૯. સોગન, કસમ (૨)
૨૦. બેચેન, ચેન ન પડવું (૩)
૨૨. સરહદ, બોર્ડર (૩)
૨૩. થાપણ મુકવું, .... મુકવું (૩)

### ઊભી ચાવી

૧. મોહમાં આંધળુ (૩)
૨. નિરાશ, હતાશ (૪)
૩. શણગાર કરવો (૩)
૪. ખરાબ સોબત (૩)
૫. ઓળીખો, જમીન પર છાણ-માટીનો કરાતો લેપ (૩)
૯. હવામાનની આગાહી (૪)
૧૨. કુશળતામાં આગળ (૪)
૧૩. પાણીથી માટીનું ધોવાઇ જવું તે (૩)
૧૪. ઘર, મકાન (૩)
૧૭. તમસ ગુણવાળુ (૩)
૨૦. વહાણ, વહાણોનો સમુહ (૨)
૨૧. એક જાતની ઘોડાગાડી(૨)

### શબ્દાવલી ૫૨૮૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) જડભરત (૩) કાચ (૫) કનક (૬) બુટલેગર (૯) ખતા (૧૦) સપાટ (૧૧) કાં (૧૨) આરોગ્ય (૧૫) હવે (૧૬) મરમ્મત (૧૮) દગડી (૨૧) રજત (૨૨) પાનદાન
**ઊભી ચાવી :-** (૧) જડીબુટ્ટી (૨) રથાંગપાણિ (૩) કાનખજૂરો (૪) ચકતા (૭) લેસ (૮) રટ (૧૨) આવેદન (૧૩) અમર (૧૪) ગમ્મત (૧૭) રજ (૧૯) ગદા (૨૦) ડીન

# પાલનપુર ખાતે ગુજરાત પૂરવઠાના સચિવ આવતાં પૂરવઠા વિભાગમાં દોડધામ

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે ગત રોજ સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચેલા ગુજરાત રાજ્યના પુરવઠા વિભાગના મુખ્ય સચિવ આર. પી. ગુપ્તા કે જેઓ પૂરવઠાના સચિવની સાથે બનાસકાંઠા વહીવટી પ્રભારી પણ છે. જેમને લઈને બનાસકાંઠા ક્લેક્ટર તથા જિલ્લાના પૂરવઠા તેમજ અન્ય અધિકારીઓની બેઠક યોજીને સમસ્યાઓ સામે શું કરવું તે માટેની અગત્યની ચર્ચાઓ કરવામાં આવી હતી.

મુખ્ય સચિવ આર. પી. ગુપ્તાને મીડીયા તરફથી પ્રશ્નો કરાતા તેમણે જણાવેલ કે પૂરવઠા બારકોડેડમાં જે તકલીફો છે તેનું નિરાકરણ કરાશે તેમજ બારકોડેડના વડીલોને અંગૂઠાના નિશાનમાં થતી તકલીફો ન થાય તે માટે સસ્તા અનાજની દુકાનોમાં જ વ્યવસ્થા કરાશે તેમજ મધ્યાહન ભોજનમાં ધાનેરામાં સડેલી નીકળેલી દાળ સંદર્ભે તપાસ કરાવાશે. બનાસકાંઠા જિલ્લાના બારકોડેડ કાર્ડધારકોને પડતી હાલાકી દૂર કરવાના તંત્ર દ્વારા પ્રયાસો કરાશે. તાયરબાદ જિલ્લાના દરેક અધિકારીઓને બોલાવી મીટીંગ યોજી હતી. બનાસકાંઠા જિલ્લા ક્લેક્ટર જી. જે. હિંગરાજીયા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### શિક્ષણ સમિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, કામધેનું યુનિવર્સિટી, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવસારી યુનિવર્સિટી, દાંતિવાડા યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી, પંડીત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, કેલોકર્સ ટીચર્સ યુનિવર્સિટી, એલડી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી, શ્રી મહર્ષી વેદવિજ્ઞાન અકેડેમી, એસપી ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમીક્સ એન્ડ સોશીયલ રિસર્ચ, દ્વારકા સંસ્કૃત અકેડેમી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી, પ્લાઝમા રીસર્ચ ઈન્સ્ટીટયુટ અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન જેવી ક્ષેત્રીય શિક્ષણ આપતી અગ્રણી સંસ્થાઓનો બહોળો લાભ ગુજરાતના યુવાધનને મળી રહયો છે.

મહાત્મા મંદિર ખાતે યોજનાર રાષ્ટ્રીય શિક્ષણ સમિટના માધ્યમથી દેશના યુવાધનને વૈશ્વિક કક્ષાનુ શિક્ષણ ઉપલબ્ધ કરાવીને ભારતને દુનિયાનું વૈશ્વિક જ્ઞાન કેન્દ્ર બનાવવા માટે એક રોડ મેપ તૈયાર થઈ શકશે.

આ સમિટમાં ૧૧ જેટલી એન્કર યુનિવર્સિટીઓ, ૮૫ થી વધુ વક્તાઓ, દેશભરની યુનિવર્સિટીના ૧૦૦થી વધુ કુલપતિ અને નિયામકો સહિત ૧૦૦૦ -ધ્યાપકો, ગુજરાતમાં શિક્ષણ મેળવતા ૪૦ દેશોના ૧૭૦ વિદેશી વિદ્યાર્થીઓ સહિત રાજય તથા દેશના ૨૦૪ જિલ્લાના ૫૦૦૦ થી વધુ -તિનિધિઓ ભાગ લેશે.

### 'આપ'થી પ્રભાવિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આદમી પાર્ટીથી પ્રભાવિત છે. મોટા શહેરોના લોકોના મત મેળવવામાં આવ્યા હતા. તેમના લોકસભાની ચૂંટણી અંગે અભિપ્રાય લેવામાં આવ્યા હતા. સર્વેમાં ભાગ લેનાર મોટા ભાગના લોકોએ અભિપ્રાય આપ્યો હતો કે આમ આદમી પાર્ટી શહેરોમાં એએપી ૨૬થી ૫૦ સીટ જીતી શકે છે. ૨૬ ટકા લોકો એમ પણ માને છે કે આ પાર્ટી ૫૧થી ૧૦૦ બેઠકો જીતી શકે છે.પીએમ પદના ઉમેદવાર મામલે મોદી તમામ કરતા ખુબ આગળ છે. સર્વેમાં સામેલ ૫૮ ટકા લોકો મોદીને વડાપ્રધાનપદે જોવા માંગે છે. જ્યારે ૨૫ ટકા લોકો કેજરીવાલને અને ૧૪ ટકા લોકો રાહુલ ગાંધીને વડાપ્રધાન પદે જોવા માંગે છે. આમ આદમી પાર્ટી માટે સારા સમાચાર છે કે જો તેમના વિસ્તારમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર રહેશે તો તે તેમને મત આપશે. જો કે નિર્ણય ઉમેદવાર પર આધારિત રહેશે. સર્વેમાં કુલ ૨૦૧૫ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તમામની વય ૧૮થી ૪૫ વર્ષની હતી. અમદાવાદમાં પણ કેટલાક લોકો કેજરીવાલને પસંદ કરી રહ્યા છે.

### નવી ઉડાન અપાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત ૧૫૦ જેટલા સ્વયંસેવકોને 'પક્ષીસહાય' અભિયાન અન્વયે સજ્જ કરવા ૧૧ જાન્યુઆરીના રોજ વનચેતના કેન્દ્ર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે જરૂરી તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં ડી.એફ.ઓ. ભાવિન વ્યાસ, વનશ્રી ટ્રસ્ટના પ્રમુખ અંજના નિમાવત, ચૈતન્ય નિમાવત સહીત અન્ય નિષ્ણાંતો જરૂરી માર્ગદર્શન આપશે. ઘાયલ પક્ષીઓની સેવા માટે જોડાવવા ઈચ્છતા યુવાનોને મોબાઈલ નંબર ૯૯૯૮૮૧૦૭૧૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### દંડ વસુલ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અડચણરૂપ વાહન પાર્ક કરનાર ૧૩૧ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હેલમેટ પહેર્યા વગર પકડાયેલા ૯૦૩૭ ચાલકો પાસેથી રૂ. ૪,૫૧,૮૫૦નો દંડ તથા સીટ બેલ્ટ પહેર્યા વિના ફરતા ૨૨,૬૫૧ કારચાલકો પાસેથી રૂ. ૨૨,૬૫,૧૦૦નો દંડ વસુલવામાં આવ્યો. ચાલુ વાહને મોબાઈલ પર વાત રતા પકડાયેલા ૧૦૫૮ ચાલકો પાસેથી રૂ. ૯૫,૯૨૫ નો દંડ અને ૧૦૧૬ કારમાંથી બ્લેક ડાર્ક ફિલ્મ ઉતારી તેમની પાસેથી રૂ. ૧,૦૧,૬૦૦નો દંડ વસુલાયો છે. મુસાફરો પાસેથી ઉચ્ચક ભાડુ વસુલીને ઉઘાડી લુંટ ચલાવતા ૧૪૫૮ રીક્ષાચાલકો પાસેથી રૂ. ૧,૦૯,૩૫૦નો દંડ તથા રેતી, કપચી, લોખંડ ભરીને ભયજનક રીતે કાળ બનીને ભરતાં ૧૩૯૦૪ વાહનો પાસેથી રૂ. ૨૫,૫૧,૩૫૦નો દંડ એક વર્ષમાંવર્ષમાં વસુલવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૩માં પોણા કરોડનો દંડ વસુલી જિલ્લામાં ટ્રાફીક પોલીસે કાયદાનું કડક અમલીકરણ કરાવવા પ્રયત્ન કર્યો હતો.